## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આમ તો હુ સારા પતિ મેળવવા વ્રત ન કરું, પણ ઘરે પપ્પાને જોઈને એવું થયું કે... કરવું તો પડશે જ...!!

# ગોકુળપુરામાં શાળાએ જવા બાળકોએ કાદવ-કિચડમાંથી પસાર થવુ પડે છે

ગાંધીનગર, તા.૧૭ ગાંધીનગર શહેરને અડીને



આવેલા ગોકુળપુરા ગામની હાલત વરસાદમાં અત્યંત દયનીય બની જવા પામી છે. સમગ્ર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા કાદવ-કિચડે અડીંગો જમાવી દીધો છે. ગોકુળપુરાના વિદ્યાર્થીઓને ફરજીયાત વરસાદી પાણીમાં પસાર થઈને શાળાએ જવુ પડે છે. શાળા કંમ્પાઉન્ડમાં ખદબદતી ગંદકીમાં બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. શાળા પરિસરમાં રહેલી ગંદકીને પગલે વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. તંત્ર દ્વારા શાળા પાસેની ગંદકી ઝડપી દુર થાય તેવુ ગોકુળપુરાના ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

પાટનગર ગાંધીનગરને પાદરે આવેલ ગોકુળપુરા ગામ જયા વરસાદી પાણીના ભરાવાને પગલે તળાવ જેવા દ્રશ્યો ગામમાં પ્રવેશતા જ નજરે પડે છે. ગામની શાળાના કંપાઉન્ડ તેમજ ગેટ પાસે અતિશય ગંદકી પ્રસરી છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કાદવમાંથી પસાર થવાનો વારો આવે છે. ઘણા સમયથી આ સમસ્યા હોવા છતા કોઈ તંત્ર બાળકોની વારે આવ્યું નથી. મચ્છરોના ત્રાસથી બાળકો હેરાન પરેશાન થઈ ગયા છે. વરસાદી સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો નગરમાં માંથુ ઉંચકી રહ્યો છે ત્યારે ગોકુળપુરા વિસ્તારમાં રહેતા નાગરીકોની હાલત કફોળી બની છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરીને કામ કર્યાનો સંતોષ કર્મચારીઓ માને છે. વરસાદી સિઝનમાં દરવર્ષે બાળકોની આ હાલત થવા પામે છે. તંત્ર દ્વારા યોગ્ય કાયમી ઉકેલ આવે તેમ બાળકો ઈચ્છી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● મંગળવારે ગુરૂ પૂર્ણિમાના ઉત્સવની ઉજવણીના આયોજનમાં પાટનગરવાસીઓ આજે વધુ સક્રિય જણાયા હતા.

● સુરતમાં સવારે આવેલા ભૂકંપના હળવા આંચકા પાટનગરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ગૌરીવ્રતને લઈ બજારોમાં ભીડ ઓછી જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં જળસંચય માટેનું અભિયાન મનપા દ્વારા હાથ ધરવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ-૬ના પરિણામો પછી દત્તક અપાયેલ શાળાઓની સ્થિતિને લઈ અધિકારીઓમાં ચિંતાની લાગણી ઉભી થઈ છે કે શું કરવુ બહુ અઘરો પડકાર છે.

● ગાંધીનગરના નભમાં આજે મેઘધનુષ દેખાતાં લોકોએ તેને ઉત્સાહથી નિહાળી અને આનંદ લીધો હતો.

● સાહિત્ય અકાદમીના ચેરમેન અને નિવૃત્ત સનદી અધિકારી તેમજ સાહિત્યકાર ભાગ્યેશ જહાનો નવો નિબંધ સંગ્રહ ''...અને આ વળાંકે' નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થયો છે.

● ગાંધીનગર શહેરમાં આજે વરસાદનું હળવુ ઝાપટુ નોંધાયુ હતું.

● શહેરમાં ઠેર ઠેર ગંદકી અને વરસાદી પાણીના ભરાવાને લઈ મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

## કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ ૧૯મીએ રાજયપાલને મળી આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા.૧૭ ઉના તાલુકામાં દલિતો ઉપર થયેલ અત્યાચારના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ૧૯મીએ રાજયપાલને એક આવેદનપત્ર આપી પગલા ભરવા રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસ અગાઉના તાલુકાના સામઢળિયા ખાતે ચાર દલિત યુવકોને ગાડી પાછળ બાંધી જાહેરમાં માર મારવાની ઘટનાવાળો વીડીયો વાઈરલ થવા પામ્યો હતો. જેના કારણે રાજયભરમાં દલિતોમાં રોષ ઉઠવા પામ્યો હતો.

આ ઘટનામાં આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા અને પગલા ભરવા માટે ૧૯મીએ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો ધારાસભ્યોનું એક પ્રતિનિધિ મંડળ રાજયપાલને મળીને આવેદનપત્ર આપી રજુઆત કરનાર હોવાનું જાણવા મળે છે.

૧૯મીએ સાંજે કોંગ્રેસના ધારાસભ્યોની એક બેઠક સરકીટ હાઉસ ખાતે રાખવામાં આવી છે.

# રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૭ ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ અને રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે જિલ્લાના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ વ્યકિતઓનો સન્માન







સમારોહ સેકટર-૧૨ રાજપૂત ભવન ખાતે યોજાયો હતો. જેમાં ધોરણ-૧ થી ૧૨, ઉચ્ચ અભ્યાસક્રમ, માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને રમત-ગમતક્ષેત્રે અનોખી સિધ્ધી હાંસલ કરનાર ૮૦ થી વધુ વિદ્યાર્થીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર તેમજ સમાજના વિશિષ્ટ ૧૨ અગ્રણીઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો સહિત મોટીસંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર સેકટર-૧૨ રાજપૂત ભવન ખાતે ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ અને શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ વ્યકિતઓનો સન્માન સમારોહ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સમાજના સર્વાંગી વિકાસ માટે હવે ચીલાચાલુ શિક્ષણ નહીં ચાલે દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પીએચડી તેમજ એમબીએ જેવી વિશિષ્ટ પદવીઓ હાંસલ કરવા જણાવ્યું હતું. તેમજ આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાએ સરકારમાં ઉચ્ચ અધિકારીઓ બનવા માટે સામાન્યજ્ઞાન સાથે શૈક્ષણિક પદવીઓ મેળવી સખત મહેનત કરવા રાજપૂત સમાજના દિકરા-દિકરીઓને સમજણ આપી હતી. હવે બદલાઈ રહેલા સમયમાં જમાના સાથે તાલ મેળવવા અધ્યતન ટેકનોલોજી તેમજ વૈજ્ઞાનિક ઢબે કાર્ય

● અનુસંધાન પાના - ૭ પર

## સ્વ. કાસમબાપુને જીલ્લા કોંગ્રેસની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૭ સ્વતંત્ર સેનાની, ગાંધીનગર જીલ્લા કોંગ્રેસના સ્થાપક પ્રમુખ અને પ્રખર ગાંધીવાદી એવા ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી કાસમબાપુ તીરમીઝીના દુઃખદ અવસાન બદલ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીએ શોકાંજલી અર્પતા જણાવ્યું છે કે ગાંધીનગર જીલ્લાની કોંગ્રેસનો મોભ તૂટી પડ્યો છે. જેનાથી જાહેર જીવનમાં ક્યારેય ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ૮૫ વર્ષની જૈફ વયે ખુબજ સક્રિય રહેતા કાસમબાપુની જીલ્લા પ્રમુખે ગત ૧૪મી જુલાઈના રોજ સાંજે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યારે કાસમબાપુ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતા ઘરની બહાર નીકળીને સૌ મેહેમાનોનું ખુબજ આદર ભાવ સાથે સ્વાગત કરીને ખુબ જ આગ્રહપૂર્વક અલ્પાહાર કરાવ્યો હતો, તેમજ જીલ્લાના સંગઠન બાબતે જરૂરી માર્ગદર્શન



અને આશીર્વાદ આપ્યા હતા, સાથે સાથે પોતે પણ દરેક કાર્યક્રમમાં હોંશભેર ઉપસ્થિત રહેવા મને પ્રોત્સાહિત કર્યો હતો. ''ક્યારેય પાછા પડતા નહિ, જરૂર પડે તો હુ સાથે આવીશ તમે ચિંતા કરતા નહિ'' વિગેરે પ્રેરણા-હૂંફ આપનારા શબ્દ પ્રયોગો કરીને મને પુત્ર સમાન હૈયાધારણ-આશ્વાસન આપ્યું હતું.

વધુમાં સ્વ. કાસમબાપુના કવન અને જીવન વિશે સમગ્ર જીલ્લાના તમામ રાજકીય-સામાજિક આગેવાનોએ ભવ્ય શ્રદ્ધાંજલિ-પુષ્પાંજલિ આપીને ઘેરાં શોકની સાથે દિવંગત આત્માને જન્નત નશીન થાય તેવી બંદગી કરી છે. સદગતનું બેસણું તા.૧૮/૭/૨૦૧૬ ને સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી પ્રિતમ પાર્ટી પ્લોટ, બસ સ્ટેન્ડ પાસે, નેશનલ હાઈવે, મુ. લીંબડીયા, તા. જી. ગાંધીનગર ખાતે રાખેલ છે. તેવું જીલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં પ્રમુખ સુર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

# સરકારના વિભાગોમાં RTI સિસ્ટમ ફેઈલ : કેન્દ્રસ્થાન છતાં અરજી જિલ્લામાં ફોરવર્ડ

ગુજરાતમાં કોઈ વ્યક્તિને માહિતી માગવી હોય તો સરકારી ઓફિસોમાંથી ઉડાઉ જવાબ મળે છે. જે પ્રશ્નો પૂછ્યા હોય તેનો સીધો જવાબ આપવામાં આવતો નથી. માત્ર અરજીઓ ફોરવર્ડ થાય છે. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી નવી ઔદ્યોગિક વસાહતો બની અને તેમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવામાં આવી તેનો જવાબ એવો આપવામાં આવ્યો કે ''તમારી અરજી જિલ્લાઓમાં મોકલી આપવામાં આવી છે.'' ૩૦ દિવસની મુદત છતાં ૬૦ દિવસ પછી પણ એકેય જિલ્લામાંથી રિપ્લાય મળતો નથી. ગાંધીનગરમાં ઉદ્યોગ વિભાગ છે. જીઆઈડીસીની મુખ્ય કચેરી છે. રાજ્યમાં જ્યાં જ્યાં વસાહતો બનાવવામાં આવી છે તેની તમામ ડિટેઈલ ગાંધીનગરની ફાઈલોમાં મોજૂદ હોવા છતાં ઉડાઉ જવાબ આપવામાં આવે છે... હકીકતમાં જ્યાં જમીન સંપાદન થાય તે ઔદ્યોગિક વસાહતની ફાઈલ ગાંધીનગર મંજૂરી અર્થે તો આવતી જ હોય છે. અહીં સંપૂર્ણ ડેટા હાજર હોવા છતાં અરજી જિલ્લાઓમાં ફોરવર્ડ કરી અરજીને નિષ્ક્રિય બનાવી દેવામાં આવે છે.

**SG હાઈવે પર રોજના એક લાખ વાહનો દોડે છે, ૭૨૦ કરોડ પણ દોડશે**

**● જૂના વાહનો હવે CNG નહીં હાઇબ્રીડ થશે...**

ગુજરાતમાં ફરતા જૂના વાહનોના પ્રદૂષણને ઘટાડવા માટે એક નવી પદ્ધતિ શરૂ થઈ રહી છે અને તેને રેટ્રોફિટીંગ કહેવામાં આવે છે. ભારત સરકારે માન્યતા આપ્યા પછી હવે ગુજરાતમાં પણ તેનો વિધિવત પ્રારંભ થશે. આ પદ્ધતિની મદદથી હાઈબ્રીડ એટલે કે જૂના કોમર્શિયલ અને પ્રાઈવેટ વાહનને ઈલેક્ટ્રિક વ્હિકલમાં મોડીફાઈડ કરવામાં આવે છે. સીએનજીની જેમ ઈલેક્ટ્રિક કીટના ઉત્પાદકોના રજીસ્ટ્રેશનની યાદી બહાર પાડવામાં આવ્યા પછી તે ઉત્પાદકો જૂના વાહનોને ઈલેક્ટ્રિક વાહનમાં કન્વર્ટ કરી આપશે. આવા રૂપાંતરણનો ખર્ચ એક લાખ રૂપિયા કરતાં ઓછો હશે. જો કે, તેનું પ્રમાણ વધે તેની સાથે તેના ખર્ચમાં ઘટાડો થશે. હાલ રાજ્યનો વાહન વ્યવહાર વિભાગ કેન્દ્રના નોટીફિકેશનનો અભ્યાસ કરી રહ્યો છે.

**● ટ્વિન સિટીના માર્ગો પર અંધારૂં હોય ખરૂં?!...**

ગુજરાત સરકાર છેલ્લા ત્રણ વાયબ્રન્ટ સમિટથી એવું કહેતી આવી છે કે ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદ અને પાટનગર ગાંધીનગરને ટ્વિન સિટી બનાવી દેવામાં આવશે, પરંતુ હજી સુધી આ બન્ને મહત્વના શહેરો ટ્વિન સિટી બની શક્યા નથી. અમદાવાદ થી ગાંધીનગર આવતા મુખ્ય ત્રણ હાઈવે માર્ગો પૈકી બે માર્ગો પર રાત્રે ઘોર અંધકાર હોય છે. મુખ્યપ્રધાનના નિવાસસ્થાન થી એરપોર્ટ સુધીના ઈન્દિરા બ્રીજના માર્ગ પર લાઈટની રોશની ઝબકારા મારે છે પરંતુ ગાંધીનગર થી સાબરમતી અને ગાંધીનગર થી એસજી હાઈવે અંધકારમાં ગરકાવ છે. ચોરી અને લૂંટફાટના બનાવો બને છે તેવા આ ટ્વિન સિટી છે. અસરકારક પબ્લિક ટ્રાન્સપોર્ટેશન નથી, પરિણામે પ્રવાસીઓ મોતની મુસાફરી આજે પણ કરે છે. મુસાફરો ખાનગી જીપમાં ફરે છે તેવા આ ભાજપ સરકારના આ જોડિયા શહેરો છે. આને કહેવાય ગતિશીલ સરકાર...!

**● ગાંધીનગરમાં મિટીંગ અને પોલિસી સરકાર...**

સરકારી કામ અર્થે આવતા મુલાકાતીઓની નજરમાં કહીએ તો ગાંધીનગરની આનંદીબહેન પટેલની સરકાર એ મિટીંગ અને પોલિસી સરકારની છાપ ધરાવે છે. અવાર નવાર મિટીંગ અને દર ૧૫ દિવસે નવી પોલિસી બનાવતી સરકાર પાસે મિટીંગના એડન્ડા અને પોલિસીના અમલીકરણનો સમય નથી. જો આનંદીબહેન પટેલ ચૂંટણી સમય સુધી ચાલુ રહ્યાં તો તેઓ પોલિસી બનાવવામાં મોદી સરકારને પાછળ રાખી શકે છે. આ સ્પર્ધામાં પણ તેઓ નંબર વન બનવા માગતા હોય તેમ નિત નવી પોલિસી જાહેર કરે છે. સચિવાલયના ઓફિસરો પાસે મિટીંગ સિવાયનો સમય નથી. હંમેશા મિટીંગમાં વ્યસ્ત રહેતી સરકાર પાસે પ્રોજેક્ટના અમલીકરણનો સમય ક્યારે મળશે તે નિશ્ચિત નથી. કોઈ ઉદ્યોગજૂથને લેન્ડ કે બીજા લાભ જોઈતા ન હોવા છતાં તેની દરખાસ્તના આધારે પોલિસી બનાવવાની વાતો થાય છે.

**● પ્રધાનો અને ઓફિસરો પાડોશી રાજ્યોમાં જાય...**

ગુજરાત સરકારના પ્રધાનો અને સચિવાલયમાં વહીવટ કરતા ઓફિસરોએ એક મહિના સુધી એટલે કે સતત ૩૦ દિવસની તાલીમ આપણા પડોશી રાજ્યો પાસેથી લેવી જોઈએ. બીજી સરકારો હવે તો પ્રોજેક્ટ અમલીકરણમાં આપણાથી આગળ નિકળી ચૂકી છે. મહારાષ્ટ્રમાં દરખાસ્તના ૧૫ દિવસમાં પ્રોજેક્ટનું કામ શરૂ થઈ જાય છે. મધ્યપ્રદેશમાં તો માત્ર સાત દિવસ જ લાગે છે. રાજસ્થાનમાં ૩૦ દિવસમાં પ્રોજેક્ટનો પહેલો તબક્કો શરૂ થઈ જાય છે. ગુજરાત મોડલના ભૂક્કા બોલી ગયા છે. મોદી સરકારે કરેલા કામોની માત્ર વાતો થાય છે, નવું શું આવ્યું, નવી કઈ યોજના મંજૂર થઈ તેનો કોઈ હિસાબ નથી. પ્રોજેક્ટ મંજૂર કરવામાં હવે તો બિહાર અને ઉત્તરપ્રદેશની સરકારો ગુજરાત કરતાં વધુ ફાસ્ટ અને ડિજીટલ બની ચૂકી છે.

**સ્ટડી માટે વિદેશ પ્રવાસ નહીં, પાડોશી રાજ્યોનો પ્રવાસ ફરજીયાત કરો**

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**● ગાંધીનગરના મોર માર્ગો પર આવી જાય છે...**

વર્ષાઋતુનો પ્રારંભ થતાં જ પક્ષીઓની અનેરી દુનિયા જોવા મળે છે. બહુપત્નિત્વ ધરાવતા મોર હવે તો શહેરી વિસ્તારમાં આવી રહ્યાં છે. ગાંધીનગરમાં એક સમયે મોરની ગણતરી કરવામાં આવી હતી ત્યારે માત્ર પ્રકૃતિ ઉદ્યાનમાં જ ૧૨૦૦ મોર ગણવામાં આવ્યા હતા. આ મોર હવે તો સચિવાલયના પ્રાંગણમાં પ્રવેશી ચૂક્યાં છે. મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલ સહિતના મહાનુભાવો જ્યાંથી હેલીકોપ્ટર મારફતે પ્રયાણ કરે છે તે સચિવાલયના હેલીપેડ પાસે ઢગલો મોર જોવા મળે છે. એટલું જ નહીં પ્રધાનમંડળના સભ્યોના બંગલા વિસ્તારમાં રોડ પર મોર આવી જતા હોય છે. મોર માટે સંશોધકો કહે છે કે આ એવું પક્ષી છે જેને એક નહીં અનેક રાણી હોય છે. મોર કળા કરીને ઢેલને આકર્ષે છે અને તેને મોહજાળમાં ફસાવે છે. મોરની આ કળા કષ્ટદાયક હોય છે પરંતુ તે માદા ઢેલને આકર્ષવા માટે પ્રયાસ કરતા હોય છે.

**● હાર્દિક અનેક પાટીની નજરમાં વસી ગયો છે...**

ગુજરાતનો હાર્દિક એ માત્ર પાટીદાર યુવાન રહ્યો નથી. નાની ઉમરમાં વીવીઆઈપી સુવિધા ધરાવતો યુવા નેતા બની ગયો છે અને જેલમાંથી છૂટ્યા પછી ગુજરાતના જ નહીં દેશના રાજકીય નેતાઓની નજરમાં વસી ગયો છે. હાર્દિકની અનામત આંદોલનની મુહિમની સફળતા આ નેતાઓએ જોઈ છે. જેલમુક્ત થયો ત્યારે તેનો રોડ શો પણ જોયો છે. હાર્દિક પાસે યુવા પટેલો અને મહિલાઓની તાકાત છે. ભાજપની નજર તો તેના ઉપર મંડરાયેલી જ છે પરંતુ તે ભાજપથી નફરત કરે છે. કોંગ્રેસને મધલાળ ટપકે છે. એનસીપીના નેતાઓ પણ વહાલા થવા હાર્દિક પાસે દોડી જાય છે. નિતીશ કુમારની જેડીયુ, માયાવતીની બીએસપી અને મુલાયમની એસપીની નજરમાં પણ તે છે. પરંતુ આ બધાંમાં સૌથી ચતુર એવા અરવિંદ કેજરીવાલ હાર્દિકને હાલ ધીમે ધીમે લપેટમાં લઈ રહ્યાં છે. તેમની આમ આદમી પાટીનું મિશન હાર્દિક પટેલ વાયા ગુજરાત ઈલેક્શન છે. જો કે હાર્દિક પટેલ હાલ તો રાજકીય પાટીઓથી દૂર રહેવાનો મેસેજ વહેતો કરી રહ્યો છે પણ ઉંડે ઉંડે આમ આદમી બની જશે તે નક્કી છે.

**જૂના વાહનો પ્રદૂષણ વધારે છે- વેચો નહીં, હવે ઈલેક્ટ્રિકમાં ફેરવી દેજો**

**● મોદીએ મેળવેલા ૩૦૦ એવોર્ડની સ્થિત શું છે?...**

ગુજરાતમાં છેલ્લા બાર વર્ષમાં મોદીએ કેન્દ્ર સરકાર અને વિશ્વના દેશોની અનેક સંસ્થાઓના મળીને કુલ ૩૦૦ જેટલા એવોર્ડ મેળવ્યા છે પરંતુ આજે તેનો હિસાબ કરવામાં આવે તો જે વિભાગ કે જે યોજના માટે એવોર્ડ મેળવવામાં આવ્યા છે તેની સ્થિતિ દયાજનક છે. મોદીના શાસનમાં જે વિભાગો કે જે યોજનાઓ ઉજળી દેખાતી હતી તેમાં હવે ફાઈલોની ધૂળ લાગી ચૂકી છે. સચિવાલયના એક અધિકારીએ કહ્યું હતું કે મોદી સરકારની તમામ યોજનાઓની સમીક્ષા થાય છે પરંતુ એવોર્ડ મળ્યા છે તેવી યોજનાઓ કે વિભાગોની છેલ્લા બે વર્ષમાં ક્યારેય સમીક્ષા થઈ નથી. જો તેની સમીક્ષા કરવામાં આવે તો જે તે સંસ્થાએ એવોર્ડ આપ્યા છે તે એવોર્ડ વાપસ કરવાનો સમય આવ્યો છે.

**● છ મહિના સુધી ગુજરાતથી દૂર હાર્દિકનું મિશન...**

અદાલતના આદેશ પ્રમાણે હાર્દિક પટેલને છ મહિના સુધી ગુજરાતથી દૂર રહેવાની શરતે જામીન મળ્યા છે. આવી સજા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ અને ગુજરાતના આઈપીએસ ઓફિસર ડી.જી.વણઝારાને મળી ચૂકી છે. આ બન્ને નેતાઓએ જેલમાંથી મુક્ત થઈને ગુજરાત બહાર વસવાટ કરેલો છે ત્યારે બન્નેએ તેમની રાજકીય પ્રવૃત્તિઓ કરી છે. હવે હાર્દિક પટેલ ગુજરાત બહાર ઉદેપુરમાં છે. રાજસ્થાનની મિટ્ટી તેના માટે કેવો રંગ લાવે છે તે જોવાનું રહે છે. આમ તો રાજસ્થાન હોય કે ગુજરાત-હાર્દિકે એવું સ્થળ પસંદ કર્યું છે કે જ્યાં પહોંચવું હોય તો અઢી-ત્રણ કલાકમાં પહોંચી શકાય તેમ છે. ઉદેપુરમાં રાજકીય ધમધમાટ થશે અને તેના પડઘા નવી દિલ્હી અને ગાંધીનગર સુધી સંભળાશે તેવું લાગે છે.

**● ૭૨૦ કરોડ સરકાર ભોગવશે, ટોલટેક્સ માફ...**

ગાંધીનગરથી અમદાવાદ જતાં ત્રણ માર્ગો પૈકીનો એસજી હાઈવે માર્ગ ગુજરાતમાં એવો મોડલ બનશે કે જેનાથી વાહનચાલકોની પીડા ઓછી થશે. હાલ ડગલે ને પગલે સ્પીડબ્રેકર ધરાવતો આ માર્ગ સુપર ફાસ્ટ હાઈવે બની જશે. સરકારી બાબુઓની દાનત જુઓ, ૭૨૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ હાઈવે પર ટોલટેક્સ લેવાની ભલામણ કરવામાં આવી હતી પરંતુ તેને ઉડાવી દેવામાં આવી છે અને કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે આ હાઈવે પર કોઈ ટોલટેક્સ લેવામાં નહીં આવે. ગાંધીનગર થી સરખેજ જવું હોય તો હાલ પોણો કલાક કરતાં વધારે સમય લાગે છે જે અંતર ઘટીને ૪૦ મિનીટનું થઈ શકે છે. હાઈવે પર પાંચ જગ્યાએ ફ્લાય ઓવરબ્રીજ બનાવવાનું આયોજન છે. જાણીને નવાઈ લાગશે કે આ માર્ગ પરથી પ્રતિદિન એક લાખ વાહનો અવર-જવર કરતા હોય છે, કારણ કે આ માર્ગ સૌરાષ્ટ્રને જોડતો મહત્વનો માર્ગ છે.

**● ભાઇ, હાર્દિક સંભાળજો- જાસૂસી શક્ય છે...**

હાર્દિક જેલમુક્ત થયો છે ત્યારે તેનો યશ ગુજરાત સરકાર લઈ રહી છે પરંતુ હાર્દિકના તેવર જોતાં ભાજપના નેતાઓને ફાળ પડી છે કે આ યુવા નેતા ભાજપના શહેરી વિસ્તારના મતો બગાડી શકે છે તેથી હાર્દિકની ગતિવિધિઓ પર વોચ ગોઠવી દેવામાં આવી છે. કહે છે કે હાર્દિક પર ગાંધીનગર અને દિલ્હી એમ બન્ને જગ્યાએ થી નજર રાખવામાં આવે છે. સેન્ટ્રલ આઈબીની સાથે ગુજરાત સ્ટેટ આઈબી જોડાયેલી છે. એ ઉપરાંત રાજસ્થાન આઈબીને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. હાર્દિક ક્યારે ક્યાં જાય છે, કોને મળે છે, તેને મળવા કોણ આવે છે તેની બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. હાર્દિક હવે કોલેજીયન યુવાન રહ્યો નથી. તેની શક્તિઓથી દેશના રાજકીય નેતાઓ પરિચીત છે પરંતુ એ નેતાઓને એ ખબર નથી કે હાર્દિક પટેલ તો માત્ર મોહરૂં છે, પડદા પાછળ તો બીજા ખેલ ચાલી રહ્યાં છે.